જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૯/૨૦૧૬ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-**  **સમાચાર યાદી નં.૧૬૬૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી ૧૮૩ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૩૪૦ અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-**  **સમાચાર યાદી નં.૧૬૬૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૭ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-**  **સમાચાર યાદી નં.૧૬૬૭/૧૬**

**ઓઢવ : હસુમતીબહેન વા/ઓ ક્રિર્તીભાઇ પટેલ (રહે.મંગલતીર્થ સોસાયટી, વસ્ત્રાલ રોડ)** એ તા.૧૧/૯/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાની પુત્રી **કુપાબહેનને લગ્ન જીવનના આઠ માસ દરમ્યાન તેના પતિ ધવલકુમાર ઉપદેશભાઇ પટેલ સાસુ-સસરા અને દિયર (તમામ રહે.દિવ્યપ્રભા સોસાયટી, વિરાટનગર, ઓઢવ) નાઓએ માનસીક તથા શારીરીક ત્રાસ આપતાં કુપાબહેને તા.૧૦/૯/૧૬ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા, પોતાની સાસરીનાં મકાનમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી.** આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **એ.એન.સોલંકી** ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ-**  **સમાચાર યાદી નં.૧૬૬૮/૧૬**

**આનંદનગર : ગૌરાગભાઇ નિપીનભાઇ નગરશેઠ (ઉ.વ.૫૯)(રહે, આર્યમાન બંગ્લોઝ શીલજ રેલ્વે ક્રોસિંગ પાસે, થલતેજ)** એ તા.૧૧/૯/૧૬ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૧/૦૨/૨૦૧૫ થી તા.૧૧/૦૯/૨૦૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન આનંદનગર શ્યામલ ચાર રસ્તા નજીક આવેલ મોર્યાન્સ એલન્જા ખાતેથી** આરોપી **(૧) સમીર મહેશભાઇ શાહ (રહે, ગોયલ ઇન્ટરસીટી સાલ હોસ્પિટલ પાછળ) (૨) એસ.પી.સાગર (૩) નરેશ અગ્રવાલ(બંને રહે, હોટલ ડીયર પાર્ક, સફદરગંજ એન્કલેવ, નવી દિલ્લી) (૪) વિજય સાલી (રહે, રાજેશ બંગ્લોઝ ઉપનગર બસ સ્ટોપ પાસે મહારાષ્ટ્ર) (૫)ગીરીશ નાડગૌડા (રહે, એસ.શી.ઇન્ડીયા, ચેરીટેબલ ટ્રસ્ટ, ગ્વાલીયા, મુંબઈ મહારાષ્ટ્ર)** એ ભેગા મળી ગૌરાંગભાઇને ૫૦ કરોડની લોન અપાવવાની લાલચ આપી, વિશ્વાસમાં લઇ ગૌરાંગભાઇ પાસેથી રોકડ રૂપિયા ૪૨,૨૧,૩૩૧/- **મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી** કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી **પી.બી.રણા** ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અમરાઇવાડી : ધનીરામ અર્જુનસિહ પાલ (રહે,અનુપ્રસાદ મોહનલાલની ચાલી, સંજયચોક, અમરાઇવાડી)** એ તા.૧૧/૯/૧૬ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૩/૩/૨૦૧૧ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન** આરોપી દેવાંગ ભટ્ટ **(નોકરી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિમાયક કચેરી, ગાંધીનગર) એ ધનીરામ પાલને વિશ્વાસમાં લઇ રિલાયન્સ પેટ્રોલપંપ વસ્ત્રાલ ખાતે આવેલ ઔડાનાં મકાન, સસ્તામાં આપવાનું કહી ધનીરામ પાસેથી** રોકડ રૂપિયા ૨,૮૦,૦૦૦/- **મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી** કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બાવા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૯/૧૬**

**ચાંદખેડા : ઉષાબેન W/O ઓમકારનાથ ચતુર્વેદી (ઉ.વ.૫૩)(રહે, સુપથ બંગ્લોઝ કલોલ હાઈવે ચાંદખેડા)** તા.૯/૯/૧૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે **કલોલ હાઈવે પર આવેલ સર્વિસ રોડ જુના હ્યુન્ડાઈનાં શૉ-રૂમ સામેથી** પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષ આશરાનાં) ઉષાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઉષાબહેન ચતુર્વેદીએ તા.૧૧/૯/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૦/૧૬**

**સરખેજ : શાહીદહુસેન રાસીદહુસેન પઠાણ (રહે, જામા મસ્જીદ નજીક, સંભાલ રોડ, ગામ: ડુગરપુર, મૈનાકેસ પો.સ્ટે., તા.બીલારી જી.મુરાદાબાદ ઉત્તરપ્રદેશ) એ** તા.૧૧/૯/૧૬ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૯/૧૬ બપોરના ૧/૩૦ થી તા.૭/૯/૧૬ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન **રાજસ્થાન ચિત્તોડગઢ થી ગુજરાત અમદાવાદ ઉજાલા સર્કલ નજીક આવેલ લોઈડ કંપનીના ગોડાઉન ખાતે આવેલ. જે દરમ્યાન રસ્તામાં અજાણી વ્યક્તિ ટ્રકમાંથી લોઈડ ઈલેક્ટ્રોનીક કંપની ના LED TV નંગ-૬ કુલ કિંમત રૂપિયા ૧,૩૮,૧૦૭/- મતાની ચોરી કરી લઈ ગઈ છે.** આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **એ.બી.ચૌધરી** ચલાવે છે.

**વટવા : જુજારસિંગ સાવંતસિંગ પરિહાર (રહે, રાધે બંગલોઝ પાર્ટ-૧, ખોખરા) એ** તા.૧૧/૯/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૬/૦૮/૨૦૧૬ રાતનાં ૨/૩૦ થી સવારનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન વટવા નારોલ હ્યુન્ડાઇ શો-રૂમ સામે આવેલ, માઁ અન્નપૂર્ણા ટ્રાન્સપોર્ટ એજન્સીના ગોડાઉન પાસે રોડ ઉપર પાર્ક કરેલ ટ્રકના પાછળના ભાગે બાંધેલ તાડપત્રી તથા દોરડું કાપી ટ્રકમાંથી કોટનની પ્રિંટેડ સાડીઓની ગાંસડી નંગ-૧૯ જેમાં કુલ સાડીઓ નંગ-૨૨૪૨ અને સુટના કાપડ નંગ-૨૪૦ મળી કુલ કિંમત રૂપિયા ૩,૬૪,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે.** આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **એસ.એ.ગોહીલ** ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)